

શો-શા

# મને ફિલ્મ જોવાનો શોખ નથી આમીર ખાન

હાલમાં જ, આમીર ખાનની ‘હેપ્પી પટેલ’ અને ‘વીર દાસ’ જેવી ફિલ્મો આવી ગઈ અને હવે તેના દીકરા જુનેદની સાઈ પલ્લવી સાથેની ફિલ્મ ‘એક દિન’ તેના પ્રોડક્શનના બેનર હેઠળ લાવી રહ્યો છે. તેની આગામી ફિલ્મ વિષે બોલિવૂડ સુપરસ્ટાર આમીર ખાન અમારી સાથે થોડી દિલ ખોલીને વાતો કરે છે. રોમેન્ટિક કોમેડીમાં જેને જોવો એ એક લ્હાવો છે તે પોતાના બાળપણ વિષે, તેની ફિલ્મ સિતારે ઝમીન પર વિષે અને તેની આગામી ફિલ્મ વિષે વાત કરે છે. બોલિવૂડમાં મિ.પરફેક્શનિસ્ટ તરીકે જાણીતા આ સ્ટારની કેટલીક વાતો નવાઈ પમાડે તેવી છે, તો કેટલીક વાતથી તેની વિનમ્રતા દેખાય છે. તો જાણીએ, આમિર ખાન સાથે થયેલી વાતચીતમાં તે શું જણાવે છે...

**પરિવારમાં ફિલ્મી બેકગ્રાઉન્ડ હોવાથી તમારું બાળપણ કેવું હતું?**

બાળપણમાં અમને બાળકોને ફિલ્મ્સ જોવાની પરવાનગી ના હતી. મને યાદ છે, હું જ્યારે પણ મારી માતાને ફિલ્મ જોવા વિષે પૂછતો ત્યારે તેઓ ફિલ્મ્સ જોવા દેતા પરંતુ અમને રોમેન્ટિક ફિલ્મ્સ જોવાની પરવાનગી ન હતી.

**શું તને ફિલ્મ્સ જોવાનું પસંદ છે?**

હું ફિલ્મ મેકિંગમાં ૧૮ વર્ષની ઉંમરથી આવ્યો હતો. શરૂઆત મેં એક અસિસટન્ટ તરીકે કરી હતી. હું મજાક નથી કરતો, પણ આ વાત સાચી છે કે મને ફિલ્મ જોવાનો શોખ નથી. હું કહીશ કે કેટલાક લોકો ફૂટબોલ જુએ છે અને કેટલાક ફૂટબોલ રમે છે. હું ફિલ્મ બનાવું છું પણ હું ભાગ્યે જ ફિલ્મ્સ જોઉં છું. મને લેટેસ્ટ ફિલ્મ્સ વિષે કશી ખબર હોતી નથી. હોલીવૂડમાં શું ચાલે છે તેની પણ મને ખબર હોતી નથી. હું મારી પોતાની જ દુનિયામાં જીવું છું. હું ફિલ્મ્સ જોવા કરતાં પુસ્તક વાંચવાનું વધારે પસંદ કરું છું.

**સંભાળવા મળ્યું છે કે સિતારે ઝમીન પર OTT પર રીલીઝ થવાની છે.**

આ મેં નક્કી જ કરી રાખ્યું હતું કે સિતારે ઝમીન પર ફિલ્મ મારે OTT પર રીલીઝ કરવી છે. પરંતુ થિયેટર રીલીઝ પછી તરત જ નહીં. એટલે હવે તે સોની LIV પર ૩ એપ્રિલથી આવવાની છે. દેશભરના લોકો તે ફિલ્મ જુએ અને એન્જોય કરે તે હું ઈચ્છું છું. જેમને થિયેટરમાં જોવાનો મોકો નથી મળ્યો તેઓ હવે સોની LIV પર જોઈ શકશે.

**અગાઉ તે ફિલ્મના OTT રીલીઝ માટેની ડીલ શા માટે નકારી હતી?**

સિતારે ઝમીન પર થિયેટરમાં રિલીઝ થઇ ત્યાર બાદ મેં મારી યુટ્યુબ ચેનલ આમીર ખાન ટોકીઝ પર ૧૦૦ રૂ પે-પર-વ્યૂના ધોરણે બતાવવાની જાહેરાત કરી હતી. તે સમયે, ફિલ્મના OTT અધિકારો માટે ૧૨૫ કરોડ રૂપિયાની ઓફર મેં નકારી હતી કારણ કે મને OTT પરથી ૧૨૫ કરોડ રૂપિયા નથી જોઈતા. મને આપણા દેશની આમ જનતા પાસેથી ૧૦૦ રૂપિયા જોઈએ છે. મને મોટા પ્લેટફોર્મ સાથે ડીલ કરવા કરતાં દર્શકો સાથે સીધા જોડાવાનું પસંદ છે.

**એવું જાણવા મળ્યું છે કે સિતારો કે સિતારે નામની ડોક્યુમેન્ટ્રી ફિલ્મ પણ બની રહી છે.**

હા, સોની LIV પર સિતારો કે સિતારે એ ડોક્યુમેન્ટ્રીનું પ્રિમિયર થવાનું છે. આ એક સ્પેશલ ડોક્યુમેન્ટ્રી છે જેમાં સિતારે ઝમીન પર ના ૧૦ ન્યુરોડાયવર્ઝન્ટ આર્ટીસ્ટના માતા-પિતાની સફર અને તેમના વાસ્તવિક અનુભવોનું આલેખન છે. ખરેખર તો તે માતા-પિતા રીયલ સુપર સ્ટાર છે જેમણે આ બાળકોને ઉછેર્યા, તેમને તાલીમ આપી. આમ, આ ડોક્યુમેન્ટ્રી ઘણી સ્પેશયલ છે અને તે વાસ્તવિક જીવનના સુપરસ્ટાર એવા આ માતા-પિતા પર પ્રકાશ પાડે છે.

**‘ધુરંધર’ ફિલ્મની સફળતા વિષે શું કહેવું છે?**

મને લાગે છે કે તે સારું કરી રહી છે. મેં હજી સુધી તે ફિલ્મ જોઈ નથી, ફક્ત તેના વખાણ જ સાંભળ્યા છે. ધુરંધર -૧ અને ધુરંધર -૨ બંને ફિલ્મો ખૂબ સફળ રહી છે અને તેની ટીમને મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

**તારી હવે કઈ ફિલ્મ આવવાની છે?**

હવે મારા પ્રોડક્શનની ‘લાહોર ૧૯૪૭’ લગભગ ૧૩ ઓગસ્ટમાં રિલીઝ થશે. તે ફિલ્મ રાજકુમાર સંતોષી એ ડિરેક્ટ કરી છે અને ફિલ્મમાં સની દેઓલ, શબાના આઝમી, પ્રીતિ ઝિંટા અને અલી ફઝલે કામ કર્યું છે. વળી, આ વર્ષના અંત સુધીમાં મારી ફિલ્મ ‘અતિ સુંદર’ પણ આવશે. ●

> “ સિતારે ઝમીન પર થિયેટરમાં રિલીઝ થઇ ત્યાર બાદ મેં મારી યુટ્યુબ ચેનલ આમીર ખાન ટોકીઝ પર ૧૦૦ રૂ પે-પર-વ્યૂના ધોરણે બતાવવાની જાહેરાત કરી હતી

# ભગનાનીનો ભવ્ય ફ્લેટ ખરીદ્યો શુભમન ગિલે






ભગનાનીનું નામ ઘણા સમયથી બોલિવૂડ અને વૈભવી જીવનશૈલી સાથે સંકળાયેલું છે. વાસુ ભગનાનીએ ફિલ્મોમાં એક લેગસી બનાવી છે અને તેમનો પુત્ર જેકી ભગનાની તે લેગસીને આગળ લઈ જઈ રહ્યો છે. ગયા વર્ષે ૨૯ ઓગસ્ટના રોજ, આ પિતા-પુત્ર જોડી એ જુહુના મધ્યમાં તેમના વૈભવી પ્રોજેક્ટ પૂજા લ્યુમીનેરનો ભૂમિપૂજન સમારોહ કર્યો હતો અને હવે તે સંપૂર્ણ તૈયાર થઇ ગયો છે. પૂજા લ્યુમીનેર વૈભવી લાઈફ સ્ટાઈલને પ્રતિબિંબિત કરે છે અને આ મિલકતમાં ફ્લેટ કોણે ખરીદ્યો છે તે જાણો છો? તે છે ક્રિકેટર શુભમન ગિલ. સુત્રોના જણાવ્યા પ્રમાણે, પૂજા લેઝર એન્ડ લાઈફ સ્ટાઈલ કે જે એક એવી કંપની છે. જેના ભાગીદારો બોલિવૂડ અભિનેતા -નિર્માતા જેકી ભગનાની, વાસુભગનાની અને પૂજા ભગનાની છે અને તેમણે શુભમન ગિલને તાજેતરમાં ૨૦.૭ કરોડમાં પૂજા લ્યુમીનેરનું એક એપાર્ટમેન્ટ વેચ્યું છે. આ ભવ્ય એપાર્ટમેન્ટ જુહુ તારા રોડ પર આવેલી રહેણાંક ઈમારત પૂજા લ્યુમીનેરના ૧૨મા માળે આવેલું છે. દસ્તાવેજો જણાવે છે કે શુભમન ગિલે ૩,૩૬૯ ચોરસ ફૂટ રેર કાર્પેટ એરિયા સાથે આખો ૧૨મો માળ ખરીદ્યો છે. જેકી ભગનાની એ અગાઉ કહ્યું હતું કે ‘લક્ઝરી અમારા DNA નો એક ભાગ છે.’ વૈભવી મિલકતો બનાવવા પ્રત્યેનો તેમનો દ્રષ્ટિકોણ ફક્ત મુંબઈની જીવનશૈલીને પ્રતિબિંબિત નથી કરતાં, તે રહેવા માટેની મહત્વાકાંક્ષી જગ્યાઓ અને ઐશ્વર્ય પણ આપે છે. ●



સ્ટાર લાઈફ

# સોફીને બોલિવૂડમાં સૌથી મોટી મુશ્કેલી કઈ નડી હતી?




***મૂળ બ્રિટીશની સિંગર અને MTV India VJથી જાણીતી થયેલી સોફી ચૌધરી તેની ફિટનેસ અને ગ્લેમરને લીધે આજકાલ ઘણી ચર્ચામાં છે. સોફિયાએ ઘણાં સેલેબ્રિટીઓ પર રેપિડ ફાયરનો મારો ચલાવ્યો છે. આજે સોફીની વારો...***

**1. તારા પેટ ડોગ (પાલતુ કૂતરા)નું નામ?**
ટીઆ- એક ફિમેલ ડોગ છે.

**2. તારી ગો-ટુ 3 મેકઅપ આઈટમ્સ?**
મસ્કારા, આઈલાઈનર અને આઈશેડો.

**3. સોશિયલ મીડિયા પર નેગેટિવ કોમેન્ટ્સ કેવી રીતે હેન્ડલ કરે છે?**
જસ્ટ ઇગ્નોર

**4. બોલિવૂડમાં સૌથી મોટી મુશ્કેલી શું હતી?**
લોકો મને માત્ર ‘ગ્લેમ ગર્લ’ તરીકે જ જોતા હતા

**5. ફેસ સિવાય ક્યા મેક-અપ લગાવવાનું ચૂકતી નથી?**
નેક.

**6. તમારું ડેઈલી બ્યુટી સિક્રેટ શું છે?**
પાણી અને સારી ઊંઘ.

**7. તારું કોઇ એક મસ્ટ-હેવ બ્યુટી પ્રોડક્ટ કયું છે?**
રેડ લિપસ્ટિક.

**8. તમે ગ્લેમરસ લુક માટે શું કરો છો?**
હેલ્ધી સ્કિન માટે જીમ અને સ્કિનકેર રૂટીન.

**9. તારા સ્કિનકેરમાં સૌથી મહત્વની વસ્તુ?**
ક્લીન્ઝિંગ અને મોઇશ્ચરાઈઝિંગ.

**10. સારા દેખાવા માટે સૌથી જરૂરી શું?**
કોન્ફિડન્સ. ●